# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/039 Dt. 11/07/2025

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા સ્ટોક માર્કેટમાં એક્ઝિટની કલા અને સાયન્સ વિષે સેશન યોજાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૯ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે સ્ટોક માર્કેટમાં એક્ઝિટની કલા અને વિજ્ઞાન વિષે સેશન યોજાયું હતું, જેમાં ટર્ટલ વેલ્થના સીઇઓ એન્ડ ફંડ મેનેજર શ્રી રોહન મહેતાએ રોકાણકારોને સ્ટોક માર્કેટમાં એન્ટ્રી અને એક્ઝિટની સ્ટ્રેટેજી વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સ્ટોક માર્કેટમાં રોકાણ કરતી વખતે મોટા ભાગે રોકાણકારોનું ધ્યાન એન્ટ્રી પર વધુ હોય છે, પરંતુ સફળ રોકાણ માટે એન્ટ્રી જેટલી જ મહત્વની એક્ઝિટ સ્ટ્રેટેજી પણ હોય છે. પછી ભલે તે પ્રોફિટ બુક કરવા માટે હોય કે લોસ મિનિમાઈઝ કરવા માટે હોય. આ બાબતની વિસ્તૃત સમજણ રોકાણકારોમાં કેળવાય તે હેતુથી ચેમ્બર દ્વારા આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી રોહન મહેતાએ જણાવ્યું હતું કે, સ્ટોક માર્કેટમાં રોકાણ કરતા સમયે એન્ટ્રી જેટલી મહત્વની હોય છે, એટલી જ મહત્વની એક્ઝિટ પણ હોય છે. એક્ઝિટ એટલે માત્ર નફો લઈ લેવો નહીં, પણ યોગ્ય સમયે, યોગ્ય કારણસર સ્ટોકમાંથી બહાર નીકળવાની સમજદારી. મોટા ભાગે અનેક રોકાણકારો માટે સૌથી મોટી ભૂલ એ હોય છે કે તેઓ ભાવ વધે છે ત્યારે વધુ કમાવવાની લાલચે સ્ટોકમાં રહે છે અને જ્યારે સ્ટોક નીચે જાય છે ત્યારે ભયના કારણે નુકસાન સહન કરીને પણ એક્ઝિટ લઇ લે છે. સફળતાપૂર્વક એક્ઝિટ માટે ઈમોશનલ કંટ્રોલ, સ્ટ્રેટેજિક પ્લાનિંગ અને માર્કેટ સાયકલની સમજ ખૂબ જ જરૂરી છે.

તેમણે રોકાણકારોને એક્ઝિટ મંત્રા ટુલ્સ વિષે માહિતી આપી હતી. આ ટુલ્સમાં ઝોન, સ્કોર, રેટીંગ અને એક્ઝિટ પ્રાઇઝ (સ્ટોપલોસ) વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સ્ટોક માર્કેટમાં દરેક રોકાણ માટે ટારગેટ અને સ્ટોપલોસ નક્કી કરવો જોઈએ. માર્કેટમાં નફો મળે ત્યારે પણ સતત ઈવેલ્યુએશન કરવું જોઈએ કે શું

હવે એક્ઝિટ કરવી યોગ્ય રહેશે કે નહીં. અનેકવાર રોકાણકારો ભાવ વધતા લાલચના શિકાર બને છે, જ્યારે ડાઉનટર્ન આવે ત્યારે ગભરાઇ જાય છે, આવી સ્થિતિમાં ભય અને લાલચને કાબૂમાં રાખી, ફેકટસ પર આધારિત નિર્ણય લેવો સૌથી મહત્વનો છે.

તેમણે વિવિધ ઉદાહરણો દ્વારા રોકાણકારોને સમજણ આપી હતી કે, વ્યાવસાયિક રોકાણકારો પોતાના પોર્ટફોલિયોમાં નિયમિત મોનિટરિંગ અને રિ–એલોકેશન દ્વારા રોકાણમાંથી વધુ મૂલ્ય પ્રાપ્ત કરે છે. તેમણે કહયું કે, ડેટા આધારિત નિર્ણયો, રિસ્ક મેનેજમેન્ટ અને લાંબા ગાળા માટે રોકાણની તૈયારી સાથે લેવાયેલા એક્ઝિટના નિર્ણયો રોકાણકારને સ્થિર અને ફળદાયી રોકાણ તરફ દોરી શકે છે. વધુમાં તેમણે રોકાણકારોને લોસ ઓફ કેપિટલ, અલ્ટરનેટીવ ઓપોર્ચ્યુનિટીઝ કોસ્ટસ તેમજ ટાઇમ કરેકશન અને સેલ્ફ ડાઉટ વિષે માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા તથા સુરતના રોકાણકારો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન શ્રી અયુબ યાકૂબઅલીએ વકતાનો પરિચય આપ્યો હતો. કમિટીના કો–ચેરમેન શ્રી દિપેશ પરીખે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો–ચેરમેન બાળકૃષ્ણ વઘાસિયાએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. રોકાણકારોએ એક્ઝિટ સ્ટ્રેટેજી વિષે વિવિધ સવાલો પુછયા હતા, જેના સંતોષકારક જવાબો વકતા શ્રી રોહન મહેતાએ આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.